દિલ્હી ખાતે યોજાયેલી ડીઝાસ્ટર કોન્ફરન્સમાં પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખની ઉપસ્થિતિ

પ્રાંતિજ, તા. ૧૭

દિલ્હી વિજ્ઞાન ભવન ખાતે તાજેતરમાં જ એશીયન મીનીસ્ટ્રીયલ કોન્ફરન્સ જે

ડીઝાસ્ટર રીસ્ક રીડકશન (કુદરતી આફતોથી બચવા અને સામનો કરવા માટે) કોન્ફરન્સનું આયોજન થયું હતું જેમાં પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ પરીખ ઉપસ્થિત રહ્યાં હતાં અને ત્યાં તેઓએ આ કોન્ફરન્સમાં ઉપસ્થિત દેશ-વિદેશના એક્સપર્ટ લેક્ચરમાં ભાગ લીધો હતો ઉપરાંત પી.એમ. હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

ભારત સરકાર દ્વારા યુનાઈટેડ નેશનલ ઈન્ટરનેશનલ સ્ટ્રેટેજી જેને યુનિ.એસ.ડી.આર કહેવામાં આવે છે અને જે સંસ્થા કુદરતી આફતોને દેશ-દુનિયામાં ઘટાડવા માટેની જરૂરી સુચનો ઉપરાંત કુદરતી આફતો સમયે અને કટોકટીની ક્ષણોમાં માનવ જીવ ઉપરાંત પશુઓ અને કિંમતી ચીજ-વસ્તુઓને કઈ રીતે બચાવવી ? તેની માહિતી દેશ ઉપરાંત એશીયા પેસીફીકમાંથી આવેલ એક્સપર્ટ દ્વારા અને યુ.એન. એજન્સીની સંસ્થાઓના વડાઓ દ્વારા તેમના ઉદબોધન અને ઓડીયોવિઝયુઅલના માધ્યમથી બતાવવામાં આવે છે આ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટને દિલ્હીના વિજ્ઞાનભવન ખાતે ૩-૧૧-૨૦૧૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

દિલ્હી ખાતે આયોજિત આ ત્રિદિવસીય કોન્ફરન્સમાં ગુજરાત રાજય સહિત દેશના વિવિધ રાજયોમાંથી પાલિકા મહાપાલિકા અને સરકાર વતી પ્રતિનિધિત્વ કરવા માટે અનેક લોકો પહોંચ્યા હતાં જેમાં ટેકનીકલ સેશન ઉપરાંત થીમેટીક સેશન અને વિવિધ દેશોમાં કઈ પ્રકારે કુદરતી આફતોમાં સંસ્થાઓ દ્વારા કામ કરવામાં આવે છે તેની માહિતી નું આદાન-પ્રદાન કરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકાર પણ કુદરતી આફતોને ઘટાડવા માટે કટીબદ્ધ છે અને તે ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રેકટીસમાં પણ અનેક બદલાવો લાવી રહી છે.

જયારે પ્રાંતિજ ખાતેથી ગૃહ વિભાગના નિમંત્રણથી પાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ દિલ્લી ખાતેની આ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહીને વડાપ્રધાન સાથે પણ મુલાકાત લેતાં પ્રાંતિજનું ગૌરવ વધ્યું છે. આ સમારંભ માં તેઓ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ અને અમિત શાહ સાથે પણ અનેક મુદ્દાઓને લઈને ચર્ચાઓ કરી હતી.

હિંમતનગરના હુસ્લ બાંખોરના સીમ વિસ્તારમાંથી ૧૩ ફુટ લાંબો અજગર ઝડપાયો

હિંમતનગર તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં આવેલ હુંજ-બાંખોર પંથકના સીમવિસ્તારમાંથી ખેડુત જેઠાભાઈ પટેલના ખેતરમાંથી મહાકાય ૧૩ ફુટથી વધુ લાંબો અજગર જોવા મળતાં ખેડુતો ભયભીત બન્યા હતા.હિંમતનગર તાલુકાના રાયગઢ વન વિભાગમાં ખેડુતોએ જાણ કરતાં વન વિભાગનો સ્ટાફ તાબડતોબ પહોંચ્યો હતો.વન વિભાગના અધિકારીઓએ અજગરને ગણતરીની મીનીટોમાં ઝડપી કોથળામાં પુરી અજગરને સુરક્ષીત જંગલ વિસ્તારમાં છોડી મુંકતાં ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ, પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

પાલનપુરમાં નાયબ કલેકટરને વાવ થરાદના ખેડૂતોઓ નર્મદા કેનાલનું પાણી મેળવવા માટે આવેદનપત્ર આપ્યું

પાલનપુર, તા. ૧૭

એક તરફ હાલમાં છેવાડાના ખેડૂત માટે પૈસાની અછત સર્જાઈ છે ત્યારે બનાસકાંઠા જેવા પછાત જિલ્લાના ખેડૂતો માટે હવે નર્મદાનું પાણી મેળવવા માટે ખેડૂતોએ આજે જિલ્લા કલેકટરને આવેદન આપી પોતાની સ્થિતિનો તાગ આપ્યો હતો તેમજ હાલમાં ખેતી માટે જરૂરી પાણી ન મળતા હવે આમરણાંત ઉપવાસની શરૂઆત કરી છે.

કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ આપતા એલોપેથી તબીબો પર નેશનલ મેડિકલ કમિશનની રચના થવાની હિલચાલને પગલે હવે ડોકટરી આલમના પેટમાં પણ તેલ રેડાયું છે. આજે આ કાયદા વિરોધ માટે પાલનપુરના ૧૦૦થી વધુ ડોકટરોએ નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો તેમજ આ મુદ્દે આવનારા સમય માં કેન્દ્ર સરકાર સામે રજૂઆત કરવામાં આવશે તેમજ આ કેન્દ્ર સરકારના આ નિર્ણયને પગલે હવે તમામ હોસ્પિટલો જિલ્લા કલેકટરના હાથ નીચે આવનાર છે જેના પગલે તમામ હોસ્પિટલોમાં તમામ સેવાઓના એક સરખી કિંમત નક્કી થનાર હોવાના પગલે મોટો વિરોધ થઈ રહ્યો છે ત્યારે આગામી સમયમાં ડોક્ટરઆલમ પણ વિરોધમાં આવે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે.

મોડાસામાં કોંગ્રેસનો વિરોધ પ્રદર્શન!

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપાની સરકારની ૫૦૦ તથા ૧૦૦૦ની નોટો બદલવાના નિર્ણયનો વિરોધ કરવા અને લોકોને બેકામી પડતી હાલાકી, નોટોની તંગી, અપૂરતી સુવિધા સામે વિરોધ પ્રદર્શિત કરવાના આશય સાથે આજે અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના વિવિધ નેતાઓ હાજર રહ્યા હતા.

પાલનપુરમાં પત્નીને વિષપાન કરાવનાર પતિએ પણ કર્યા ઝેરના પારખા

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરના જનતાનગરમા પતિએ પત્ની ન ગમતી હોવાને મામલે પાણીમા ઝેરી ચોક પીવડાવી દીધો હોવાની ઘટના સામે આવી હતી. જોકે, બાદ મા આ ઘટનામા ગતરોજ પત્નીનો વિષપાન કરાવવાના આક્ષેપનો સામનો કરી રહેલા પતિએ પણ ઝેર પી લેતા તેને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયો હતો.

પાલનપુરના જનતાનગરમાં રહેતી શાહીન સિંધીનું માનીએ તો, પત્ની ન ગમતી હોવાને મામલે બળજબરીથી તેણીના પતિ ઈમરાન દ્વારા પાણીમાં ઝેરી ચોક પીવડાવી મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કરાયો હતો. જે મામલામાં પત્ની સાહિનના પતી ઈમરાન સિંધીએ પણ ગતરોજ ઝેર પી લેતા આખો મામલો અવળા પાટે ચડી ગયો છે. હાલ તો પતી ઈમરાન અને પત્ની સાહીન સિવિલમા સારવાર હેઠળ છે.

જો કે, વિષપાન કરનાર પતી ઈમરાન સિંધી તેની પત્નિએ લગાવેલા આક્ષેપોને બે બૂનીયાદ ગણાવી રહ્યો છે. તેની પત્નીએ જાતે જ ઝેર પીધું હોવાનું કહી રહ્યો છે. જો કે પત્નીના સગાઓની ધમકીઓથી ત્રસ્ત થઈ પતી ઈમરાને ઝેર પી લીધુ હોવાની કેફિયત રજુ કરી હતી.

પોતાના દિકરા પર ઝેર પીવરાવી દેવાના તેની પત્નિના આક્ષેપોને માતા કમરૂનિશાએ પણ નકાર્યા હતાં અને તેના દિકરાની વહુ જાતે ઝેર પી લીધુ અને પત્નિના સગાઓની ધમકી અને ત્રાસથી પોતાના દીકરા ઈમરાને પણ ઝેર પી લીધુ હોવાની કેફિયત તેની માતા કમરૂનીશાએ રજુ કરી હતી. આમ, ફિલહાલ તો આક્ષેપો-પ્રતિઆક્ષેપોના દોર વચ્ચે પતિ-પત્નિ સિવિલ હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહ્યા છે. ત્યારે પોલીસ તપાસમાં પણ સત્ય બહાર આવશે કે કેમ ? તેને લઈને અનેક તર્ક વિતર્કો વહેતા થયા છે.

મહેસાણા તાલુકાના સંચાલક કમ કુકની જગ્યા માટે અરજી કરો

મહેસાણા તાલુકામાં મધ્યાહ્ન ભોજન કેન્દ્રો માટે સંચાલક કમ કુક માટેની અરજીઓ મંગાવવામાં આવી છે. તાલુકામાં આંબલીયાસણ મીશ્ર શાળા, ઈન્દીરાનગર સામેત્રા, ખરસદા, વલમપુરા, હરદેસણ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ અરજીઓ ૨૫ નવેમ્બર સુધીમાં મોકલી આપાવાની રહેશે. અરજી માટેના ફોર્મ કિંમત ૨ રૂપિયા રાખવામાં આવેલ છે. આ અંગેની વધુ માહિતી મહેસાણા મામલતદાર કચેરી મધ્યાહ્ન ભોજન શાખામાં મળી રહેશે તેમ મામલતદાર મહેસાણા જણાવાયું છે.

મેઘરજમાં અરવલ્લી જિલ્લાકક્ષાનું દ્વિતીય ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પ્રેરિત સાબરકાંઠા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર અને અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત તેમજ મેઘરજ કેળવણી મંડળના સંયુક્ત ઉપક્રમે પી.સી.એન. હાઈસ્કૂલ ખાતે જિલ્લાકક્ષાના દ્વિતીય ગણિત, વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૬નો સર્જનશીલ બાળ વૈજ્ઞાનિકો માટે રાષ્ટ્ર નિર્માણ વિજ્ઞાન ટેકનોલોજી અને ગણિત જેવા પ્રદર્શનો તા. ૧૬, ૧૭, ૧૮ નવેમ્બર આમ ત્રણ દિવસ બાળકો અને બાળ વૈજ્ઞાનિકો માટે પ્રેરણાદાયી રહે અને પ્રેકટીકલી બાળકોમાં બુદ્ધિઆંક વધે તે માટેના પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી અરવલ્લીના જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તાએ ત્રણ દિવસ માટે સવારના અગિયારથી સાંજના પાંચ કલાક સુધી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે મેઘરજ કેળવણી મંડળના પ્રમુખ કનૈયાલાલ કે. કાવઠીયા, અરવલ્લી જિલ્લા શિક્ષણ અધિકારી એ.પી. ઝાલા, ઈડર ડાયટના પ્રાચાર્ય કે.ટી. પોરાણીયા, મેઘરજ ટીપી.ઓ. એન.એ. ડામોર, કેળવણી મંડળના ઉપ પ્રમુખ બિપીનચંદ્ર ઉપાધ્યાય, બી.આર.સી. કો. ઓર્ડિનેટર દિલીપ પટેલ, પી.સી.એન. હાઈસ્કૂલના આચાર્ય સંજયભાઈ જોષી તેમજ અન્ય અગ્રણીઓ અને વિદ્યાર્થીઓ આ વિજ્ઞાન મેળામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિજાપુર ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

મહેસાણા જિલ્લાનાં વિજાપુર ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા તા.૧૭-૧૧-૨૦૧૬ને ગુરૂવારના રોજ નવમો પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો હતો જેમાં શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યાં હતા.

વિજાપુર રોટરી કલબ ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહના દાતા રાજલબેન રાજેન્દ્રભાઈ રાવલ તથા શશીકાન્તભાઈ બી.રાવલના પરીવારના સહિયોગથી યોજાયો હતો જેમાં એસએસસી, એચ.એસ.સી., કોલેજ સુધીના તેજસ્વી તારલાઓનું ઉપસ્થિત મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું જયારે આ પ્રસંગે વિજાપુર ખાતે રહેતાં વિશીષ્ટ વ્યકિતઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું તથા સમાજ દ્વારા મ્યુઝિક ડાયરેકટર અને સિંગર દર્શન રાવલનું પણ સન્માન કરવામાં આવ્યું

હતું.જયારે સમાજના તારલાઓને ઈનામ તથા મોમેન્ટો આપી સમાજ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જયારે આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય યુવા વકતા અને કોલમિસ્ટ જય વસાવડા, રમેશભાઈ ઠક્કર, ધનશ્યામભાઈ પટેલ, રમેશભાઈ સમાજના પ્રમુખ સંજયભાઈ રાવલ, મંત્રી હિતેન્દ્રભાઈ રાવલ, શિક્ષણ કન્વીનર નરહરીભાઈ રાવલ તથા શિવશકિતના માનદમંત્રી વિનુભાઈ રાવલ, સમાજના પદાધિકારીઓ કારોબારી સભ્યો સહિત તપોધન બ્રાહ્મણ સમાજના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

તલોદ પાલિકામાં ૫ લાખથી વધારે આવક થતાં ૧૦ ટકા રાહત આપવાની જાહેરાત કરાઈ

તલોદ, તા. ૧૭

તલોદ પાલિકામાં છેલ્લા પાંચ દિવસમાં ૫ લાખથી વધારે રકમની મિલ્કતોની આવક પેટે જમા થવા પામી છે. પાલિકા દ્વારા ગત ૧૧ નવેમ્બરથી જુની નોટ્સ સ્વિકારવાના નિર્ણયના પગલે કેટલાય વર્ષોથી બાકીદારોમાં મિલ્કતવેરો ચુકતે કરવામાં સારો ઉત્સાહ દાખવ્યો છે. ત્યારે તલોદ પાલિકાએ સરકારના આદેશ પ્રમાણે બજારોમાં જુની ચલણી નોટો ૫૦૦ અને ૧૦૦૦ની નોટ્સ બંધ કરાતા આ ચલણ પાલિકામાં સ્વિકારવાના નિર્ણયને લઈ આગામી તા. ૨૪ નવેમ્બર સુધી આ ચલણી નોટો સ્વિકારવામાં આવશે તેવું સરકારનું સુચન હોવાનું જણાવાયું છે.

તલોદ પાલિકાના સુત્રોદ્વારા નજીવા ૫ દિવસમાં ૫ લાખની આવકવેરા વસુલી થતા જ બાકીદારો માટે પાલિકાના અધ્યક્ષ અશોકભાઈ શાહે પબ્લીક એનાઉસમેન્ટ સીસ્ટમથી પાલિકાની ગલીઓ, મહોલ્લાઓ અને જાહેર બજારોમાં ફરતી રિક્ષાઓ દ્વારા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટ્સ સ્વિકારવામાં આવશે અને તા. ૧૨-૧૨-૧૬ સુધીમાં વેરો ભરનારને ૧૦ ટકા વળતર પણ બાકીદારોને આપવાની પણ આજે જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણયથી એક માસમાં મળતો ડીસ્કાઉન્ટની લાલચમાં કેટલાય વર્ષો જુની વેરા વસુલી થઈ જવા પામશે. આની સાથોસાથ કેટલાક બુદ્ધીજીવીઓ પોતાની જુની ચલણી નોટો સગેવગે કરવાના હેતુથી એડવાન્સમાં વેરા ભરવા પણ ઉત્સુક બન્યા છે.

આમ તલોદ પાલિકામાં જુની ચલણી નોટ્સ સ્વિકારવાના સરકારના સૂચનો લંબાવવામાં આવશે તો ૫૦ લાખથી વધારે મિલ્કતવેરો એક માસમાં આવક થશે તેવું પાલિકાના સુત્રો જણાવી રહ્યા છે. આખાય વર્ષદરમ્યાન ન આવતો મિલ્કતવેરો નજીવા પાંચ દિવસમાં આવકમાં જોવા મળ્યો છે. એમાંય તલોદ પાલિકાની ૧૦ ટકા ડિસ્કાઉન્ટ રાહત મળવાના આશયથી વહેલી સવારથી જ બાકીદારોની વેરા વસુલી કામગીરીમાં ધસારો જોવા મળી રહ્યો છે.

વધુમાં તલોદ પાલિકાના અધ્યક્ષે જણાવ્યું હતું કે રાજયની આવી તમામ પાલિકાઓમાં જુની નોટ્સ સ્વિકારવાના નિર્ણયથી પાલિકાઓમાં દસ ગણી આવક થવા પામશે. પ્રધાનમંત્રીના આ નિર્ણયને આવકારદાયક ગણાવ્યો હતો.

માર્કેટ યાર્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેથી હાલ પુરતા સૌરાષ્ટ્ર કચ્છના તમામ માર્કેટિંગ યાર્ડ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતો માલ વેચવા યાર્ડમાં આવે છે પરંતુ નાણાના અભાવે હરાજી થઈ શકતી નથી જેથી મુશ્કેલી ઉભી થાય છે. ખેડૂતને વાહન ભાડા તેમજ ઉતરાઈનો મંજુરી ખર્ચ પણ માથે પડી રહ્યો છે. આ સ્થિતિના વિવારણ માટે બધા માર્કેટિંગ યાર્ડ એક સાથે મળીને સરકારમાં રજૂઆત કરવાની તૈયારીમાં છે. રોકડિયો વ્યવહાર કિસાનો સાથે થઈ શકે તેટલી નોટો મળી રહે તે માટે સરકારમાં રજૂઆત કરે તેવી શક્યતા છે. સામાન્ય દિવસોમાં દરેક યાર્ડમાં દલાલો પાસેથી કિસાનોને દોઢથી બે કરોડનું ચુકવણી કરવામાં આવતું હોય છે ત્યારે હાલ ઉભી થયેલી નાણાની અછતને કારણે આ વ્યવહાર ઠપ થઈ ગયો છે. હવે આટલી મોટી રકમ મળી શકે તો આ વ્યવહાર પુનઃ કાર્યરત થઈ શકે તેમ છે.

હલ્લાબોલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે ભ્રષ્ટાચારની સામે લડવા માટે તેઓએ પોતાની જાન દાવ પર લગાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે મોદી સાથે અનેક મુદ્દા ઉપર અસહમતી હોઈ શકે છે પરંતુ જ્યારે પણ તેઓએ સારા કામ કર્યા છે અમે તેમની પ્રશંસામાં પાછળ રહ્યા નથી. સ્વચ્છ ભારત અને યોગ દિવસ પર અમે સાથે રહ્યા હતા અને સમર્થન પણ આપ્યું હતું પરંતુ કાળા નાણાંને ખતમ કરવાના નામે કૌભાંડ કરવામાં આવશે તો વિરોધ કરવામાં જાન લગાવી દઈશું. કેજરીવાલે કહ્યું હતું કે તેઓ આવકવેરા વિભાગમાં કમિશનર તરીકે હતા. કોઈ અનપઢ નથી. ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ખતમ કરીને ૨૦૦૦ રૂપિયાની નોટ લાવવાથી ભ્રષ્ટાચાર કઈ રીતે ખતમ થશે. કંડલા પોર્ટ પર એસીબી દ્વારા નવી નોટના લાંચ લેવાના સંદર્ભમાં અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે નવી નોટ જારી થયા બાદ પણ તેમાં લાંચ લેવામાં આવી રહી છે. સ્વતંત્ર ભારતના સૌથી મોટા કૌભાંડ તરીકે આને ગણી શકાય છે. ૮ લાખ કરોડનું આ કૌભાંડ હોઈ શકે છે.

નોટો બદલાશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જૂની નોટ બદલી શકાશે. બીજી બાજુ લગ્ન માટે અઢી લાખ રૂપિયા ઉપાડી શકાશે. કાઉન્ટર પર નોટ બદલવાની મર્યાદા ઘટાડીને ૨૦૦૦ રૂપિયા કરી દેવામાં આવી છે. આજે સાત મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા. નાણા સચિવ શક્તિકાંત દાસે પત્રકાર પરિષદ યોજીને નવા નિર્ણયોની જાહેરાત કરી હતી. ત્યારબાદ મોડેથી નાણામંત્રી અરૂણ જેટલીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે પ્રવર્તમાન ૪૫૦૦ના બદલે એક્ષચેન્જ લિમીટ ૨૦૦૦ રૂપિયા કરવા પાછળનો હેતુ ફંડના દુરૂપયોગને રોકવાનો છે. જેટલીએ તાકીદના સમયમાં ૧૦૦૦ રૂપિયાની નોટ ફરી રજુ કરવાની શક્યતાને નકારી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે હાલમાં આવી કોઈ યોજના નથી. નાણામંત્રીએ એમ પણ કહ્યું હતું કે આજે ૨૨૫૦૦ એટીએમ રીકેલીબ્રેટ કરી દેવામાં આવ્યા છે. સરકારે અગાઉ રોકડ ઉપાડ ઉપર નિયંત્રણોને હળવા કર્યા હતા. આવતીકાલથી તમામ નિર્ણય અમલી કરવામાં આવનાર છે.

ત્રણ કેસ મળ્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે નવા કોઈ દર્દી મળી આવ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ બે કેસ મળી આવ્યા છે. આમ ચિકનગુનિયાના છુટાછવાયા કેસોએ તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે. શહેરમાં ડેન્ગ્યુના ૧૨૦થી વધુ કેસો અને ડેન્ગ્યુના ચાર કેસ મળી આવ્યા છે જે નોંધનીય છે.

અલગારી ચોર...

● ત્રીજા પાનાનું ચાલુ

થાય છે. જેમાં મુંબઈમાંથી ફોર્ચ્યુનર, બલેનો, હોન્ડા સીટી અને સ્કાલા ગાડી,સુરતમાંથી ઈનોવા અને અમદાવાદમાંથી સ્કોડા જેવી લક્ઝુરીયસ ગાડીઓનો સમાવેશ થાય છે. દર મહિને છઠ્ઠ આવે ત્યારે જુનેદ અને હસન બંને ચોરીની લક્ઝુરીયસ ગાડી લઈને ઊંઝા મીરાદાતાર અને ત્યાંથી અજમેરની દરગાહે અવસ્ય ચાદર ચઢાવવા જતા અને ત્યાંથી પરત ફરતા રસ્તામાં જ્યાં નજર ચોંટે અને તક મળે ત્યાં પાર્કીંગમાં જઈને કારના કાચ ફોડી ચોરી કરી લેતા હતા. જુનેદ પકડાયો ત્યારે હસન બીજી ગાડીમાં પાછળ આવતો હતો પરંતુ જુનેદ પકડાયાની જાણ તેને થઈ જતા તે ફરાર થઈ ગયો હતો. જુનેદ અને હસન ચોરીનો માલ મુંબઈના ચોર બજારમાં દુકાન ધરાવતા તેમના એક મિત્ર રઈશ પઠાણને ઉચ્ચક ભાવે વેચી મારી તે રૂપિયા લઈને ભાગે વહેંચી લેતા હતા. તે ઉપરાંત કારમાંથી ચોરેલી બેગોની દરગાહ બહાર ઉભા રહેતા ફકીરોને દાનમાં આપી દેતા હતા. જુનેદ તેને મળેલા રૂપિયાથી ચિલમના દમ માર્યે રાખતો હતો. ગાંધીનગર એલસીબીએ ત્રણ ગાડીઓ સહિત રૂ. ૨૧.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જુનેદની ધરપકડ કરી લીધી છે. જ્યારે તેના સાગરીત હસન તથા રીસીવર રઈસ બે ફરાર શખ્સોને પકડવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

રૂપિયા ખુટી પડ્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંધ રાખવાની ફરજ પડી છે. છેલ્લા એક અઠવાડીયાથી સવાર પડતા જ આમ નાગરીકો બેંક તરફ જવાની વાટ પકડે છે. બેંકની કતારોમાં ઉભા રહીને સામાન્ય માણસની ધીરજ હવે ખુટી ગઈ છે. એક બાજુ પૈસા બદલાવવા માટે લાઈનમાં ઉભેલી ગૃહિણીઓના પર્સમાં રૂપીયા ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે ત્યારે આમ નાગરીકો મુંઝવણ વચ્ચે બેંકમાં નોટો બદલાવાનું કામ દિન પ્રતિદિન મુશ્કેલ બનતુ હોવાનો કકળાટ પ્રવર્તી રહ્યો છે. ત્યારે આઠ દિવસના સમયગાળા બાદ બેંક પાસેથી લાઈનો હટવાનું નામ લેતી નથી જેથી દરેક નાગરીક ચિંતિત નજરે પડી રહ્યો છે. આઠમા દિવસે પણ શહેરની બેંકોમાં નાગરીકોની લાઈનને પગલે નોટો ખુટી પડતા કેટલીક બેંકોએ માત્ર ડિપોઝીટ સ્વીકારવાનુ કાર્ય કર્યુ હતું . જ્યારે મોટાભાગના એટીએમ રૂપીયા ના હોવાથી બંધ હાલતમાં હતા જયારે કાર્યરત હતા તેમાં મોટી લાઈનો નજરે પડી રહી હતી. જયારે આજે બેંકીગના નિયમમાં ફેરફાર થતા આવતીકાલથી માત્ર રૂ.૨૦૦૦ એક્ષચેન્જ કરી આપવાના હોવાથી આજે રૂ.૪૦૦૦ એક્ષચેન્જ માટે નાગરીકોની લાંબી કતારો નજરે પડતી હતી. જયારે આવતીકાલથી માત્ર રૂ.૨૦૦૦ એક્ષચેન્જ અને આંગળીએ નિશાનની સિસ્ટમ આવતા નાગરીકો વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

સસ્તી બનશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખતમ થઈ ગઈ છે. કેટલાક શહેરોમાં બેંકની શાખાની બહારહવે લાઈન ઓછી થઈ રહી છે. આવી સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. ભારતીય સ્ટેટ બેંકે એક વર્ષથી ૪૫૫ દિવસના ડિપોઝીટનમા રેટને ઘટાડીને ૬.૯૦ ટકા કરી દીધો છે. તેમાં ૦.૧૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે બેંકે ૨૧૧ દિવસથી એક વર્ષની જમા રકમ માટે ડિપોઝીટ રેટને પહેલાના સાત ટકા પર જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે.

સમયસર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અબજો જનસંખ્યાને હેરાન પરેશાન કરી રહી છે. ફુલપ્રુફ બેકઅપ પ્લાન વગર અચાનક જ નોટબંધીના આ નિર્ણય આમ જનતા માટે પરેશાનીનું કારણરૂપ બન્યા છે. નોટબંધીની દુરોગામી અસરથી પણ સૌ કોઈ ભયભીય બન્યા છે. પુરતુ આયોજન ન હતુ તો આવી જાહેરાત કેમ કરી ? આમ જનતાનો ગુન્હો શું છે ?, આટલી જ રકમ મળશે, આટલા જ નાણાં જમા કરાવી શકશે, અમુક રકમથી વધુનો વ્યવહાર થયો હશે તો ઈન્કમટેક્સના રડારમાં આવી જશો. જાત જાતની ને ભાતભાતની ધમકીઓ શુ માત્ર સામાન્ય લોકો માટે જ છે. અરે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ જો આટલી જ કડકાઈથી પહેલા જ કામ કરતો હોત તો આ નોબત જ ન આવત. દેશની જનતાની પરસેવાની કમાણી લઈ વિદેશ નાસી જનારાઓને પકડવામાં અસમર્થ સરકાર હવે આવા તઘલકી નિર્ણયો લઈ જનતાને કનડી રહી છે. બધાના મોઢે એક જ સવાલ છે યે લાઈન કબ ખત્મ હોગી..?

નવો વિક્રમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાએ મેળવેલ આ સિદ્ધિથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે ૧૯૦ મે. ટન જેટલુ ઉત્પાદન જિલ્લામાં નોંધાયુ હોવાના અંદાજો ખેતી નિયામકની કચેરીએ અંદાજ્યા છે.

દરમ્યાન મગફળીના ઉત્પાદનની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. મબલખ ઉત્પાદનને પગલે રખિયાલ ખાતેના કેન્દ્રમાં સ્ટોરેજ કેપીસીટી પૂર્ણ થવામાં છે જો કે ખરીદીનું કામ આજે પણ ચાલુ રહ્યુ હતુ.

એક અંદાજ મુજબ જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૨૦૦ ક્વીન્ટલની ખરીદી આ કેન્દ્રો દ્વારા કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં રૂ. ૧,૩૪,૩૯,૨૨૩ની ચુકવણી પણ ખેડૂતોને કરી દેવામાં આવી છે. મગફળીની આવકને જોતાં માણસા તાલુકામાં પણ નવુ એક ખરીદ કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે આજથી કાર્યરત થઈ જશે.